રૂ. ૪૦/- (ચાલીસ પુરા) NAAC Accredited 'B' ફોર્મ નં. 1000

# આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ

ફોન (૦૨૬૭૫) ૨૨૦૦૦૭ A-7 સંતરામપુર - ૩૮૯ ૨૬૦

પ્રવેશપત્રક

બી.એ. પ્રથમ સેમેસ્ટર - વર્ષ ૨૦૨૩-૨૦૨૪

વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો

ઓફિસ ઉપયોગ માટે :

| ફી રસીદ નંબર | તારીખ | રકમ રૂા. | કેશીયરની સહી |
|---|---|---|---|
| | | | |

રોલ નંબર :

પ્રવેશ કમિટી દ્વારા મેળવેલ વિષય ગૃપ :

| ગૃપ | Core(મુખ્ય વિષય) | Elective - I (પ્રથમગૌણ વિષય) | Elective - II (બીજોગૌણ વિષય) | સપ્તધારા | કમિટીની સહી |
|---|---|---|---|---|---|
| | | | | | |

વિદ્યાર્થીએ ભરવાની વિગત : (નામ અને જન્મ તારીખ સ્કુલ લિવિંગ સર્ટીફીકેટ પ્રમાણે સાચુ લખવું)

| વિગત | અટક | વિદ્યાર્થીનું નામ | પિતાનું નામ |
|---|---|---|---|
| અંગ્રેજી (CAPITAL) માં | | | |
| દાદા નું નામ | | | |

| હાલનું સરનામું | | કાયમી સરનામું | |
|---|---|---|---|
| મુકામ : | | મુકામ : | |
| પોસ્ટ : | | પોસ્ટ : | |
| તાલુકો : | | તાલુકો : | |
| જીલ્લો : | પીન કોડ : | જીલ્લો : | પીન કોડ : |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જન્મ તારીખ : | | જન્મ સ્થળ : | | | રાષ્ટ્રીયતા : ભારતીય | | |
| જાતિ : | સામાન્ય : | એસ.સી. | | એસ.ટી. | બક્ષી | | અપંગ |
| મોબાઇલ નંબર : | | મોબાઇલ નંબર : | | | વાલીનો મો.નંબર : | | |
| આધાર કાર્ડ નંબર : | | | | | | | |
| બી.પી.એલ. કાર્ડ નંબર : | | | | રેશન કાર્ડ નંબર : | | | |
| રાષ્ટ્રીય બેંકનો ખાતા નં. : | | | | રાષ્ટ્રીય બેંકનું નામ : | | | |
| બેંકનું સરનામું : | | | | બેંકનો IFSC કોડ નંબર : | | | |

**શૈક્ષણિક વિગત :**

| ધોરણ ૧૨ | સીટ નંબર | વર્ષ | બોર્ડનું નામ | કેન્દ્ર | કેટલા પ્રયત્ને પસાર કરી | મેળવેલા ગુણ | કેટલા ગુણમાંથી |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |

વિષય ગૃપ કૉલેજમાં રાખવાનાં પસંદ કરવા, ફરજીયાત : સંસ્કૃત, ફરજીયાત : અંગ્રેજી, ફાઉન્ડેશન અને સોફ્ટ-સ્કીલ

ફરજીયાત : સંસ્કૃત : ☐ અંગ્રેજી : ☐ હિન્દી : ☐ વિષયમાંથી કોઈપણ એક વિષય ઉપર ☑ કરવા.

| ગૃપ | Core I મુખ્ય વિષય | Sub. Elective-I પ્રથમ ગૌણ | Sub. Elective-II બીજો ગૌણ | પસંદ કરેલ વિષય ગૃપ ☑ | ગૃપ | Core I મુખ્ય વિષય | Sub. Elective-I પ્રથમ ગૌણ | Sub. Elective-II બીજો ગૌણ | પસંદ કરેલ વિષય ગૃપ ☑ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંસ્કૃત | મનોવિજ્ઞાન | ગુજરાતી | | ૮ | હિન્દી | ગુજરાતી | મનોવિજ્ઞાન | |
| ૨ | સંસ્કૃત | સમાજશાસ્ત્ર | હિન્દી | | ૯ | મનોવિજ્ઞાન | સંસ્કૃત | સમાજશાસ્ત્ર | |
| ૩ | અંગ્રેજી | ગુજરાતી | ઇતિહાસ | | ૧૦ | મનોવિજ્ઞાન | ઇતિહાસ | સંસ્કૃત | |
| ૪ | અંગ્રેજી | સમાજશાસ્ત્ર | મનોવિજ્ઞાન | | ૧૧ | ઇતિહાસ | ગુજરાતી | સંસ્કૃત | |
| ૫ | ગુજરાતી | ઇતિહાસ | સમાજશાસ્ત્ર | | ૧૨ | ઇતિહાસ | સમાજશાસ્ત્ર | હિન્દી | |
| ૬ | ગુજરાતી | સંસ્કૃત | ઇતિહાસ | | ૧૩ | સમાજશાસ્ત્ર | હિન્દી | ગુજરાતી | |
| ૭ | હિન્દી | મનોવિજ્ઞાન | ગુજરાતી | | ૧૪ | સમાજશાસ્ત્ર | હિન્દી | ઇતિહાસ | |

નીચે દર્શાવેલ સપ્તધારામાંથી કોઇ પણ એક વિષય ફરજિયાત પસંદ કરી ☑ (ટીક કરો)

(૧) જ્ઞાન ધારા (૨) સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા (3) કલા કૌશલ્ય ધારા (૪) નાટ્ય ધારા

(૫) વ્યાયામ-યોગ-ખેલ કૂદ ધારા (૬) ગીત-સંગીત-ખેલ કૂદ ધારા (૭) સામુદાયિક સેવા ધારા

વાલીની સહી. ____________

# નિયમો

(૧) વિદ્યાર્થીએ જે વિષયમાં પ્રવેશ મેળવેલ હશે તે વિષયો કોઈપણ સંજોગોમાં બદલી શકશે નહી. અસલ L.C. માર્કશીટ બીજા સેમીસ્ટર બાદ મળશે.

(૨) યુનિ. ધ્વારા નિયત કરાયેલ એનરોલમેન્ટ ફોર્મ તેની નિયત તારીખ પહેલા નહી ભરનારનો પ્રવેશ આપોઆપ રદ બાતલ થશે

(૩) કોલેજમાં તાસ શરૂ થાય એ સમયે આવી જવાનું રહેશે બહારગામથી આવતા વિદ્યાર્થીઓએ પહેલી બસથી આવવાનું રહેશે કોલેજ સમય દરમિયાન થતી પ્રત્યેક પ્રવૃત્તિ (જેવી કે સેમિનાર વ્યાખ્યાનો) શૈક્ષણિક કાર્યના ભાગરૂપે ગણાશે. રમત-ગમત સાંસ્કૃતિક કે અન્ય પ્રવૃત્તિમાં શિસ્ત ઔચિત્ય નિયમ ભંગ બદલ સમિતી કે આચાર્ય દંડ/સસ્પેશન કે અન્ય જે નિર્ણયો લેશે એ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

(૪) કોલેજના પ્રત્યેક સત્રમાં હાજર રહેવું આવશ્યક છે. વિદ્યાર્થી પાસેથી પ્રત્યેક માસમાં ૯૦% હાજરીની અપેક્ષા રાખવામાં આવે છે આનાથી ઓછી હાજરી હશે તો એ માસ દરમિયાન ચાલેલો અભ્યાસક્રમ વિદ્યાર્થીએ જાતે તૈયાર કરવાનો રહેશે. અને અભ્યાસક્રમના વાઙ્ગ્ચન અને લેખન Assignment work આપવામાં આવશે જે વિદ્યાર્થીએ હાજરીની ઉણપ પેટે આપવાનું રહેશે.

(૫) વિવિધ પ્રકારની રજાઓ પછી કોલેજ ખુલ્યા બાદ તેજ દિવસથી હાજરી ગણાશે.

(૬) બીજા સત્ર દરમિયાન યુનિ. ધ્વારા પરીક્ષા ફોર્મ ભરવા માટેની જે નિયત તારીખ થાય તે તારીખ પહેલા પરીક્ષા ફોર્મ નહી ભરનાર વિદ્યાર્થી યુનિ. પરીક્ષામાં બેસી શકશે નહી.

(૭) વિદ્યાર્થી બધાજ તાસમાં હાજર હશે તોજ તે દિવસની હાજરી ગણાશે, કોલેજમાં આવી રજા વગર ચાલ્યા જવું એ ગેરશિસ્ત ગણાશે.

(૮) દરેક વિદ્યાર્થીને Reading Assignment અથવા Writing Assignment આપવામાં આવે તે ફરજીયાત કરવાનું રહેશે નિયત કરેલ Assignment આપ્યા હશે તો જ સત્ર માન્ય ગણાશે Assignment સત્રકાર્યનો ભાગ ગણાશે.

(૯) તમામ આંતરિક કસોટીમાં બેસવાનું બધા વિદ્યાર્થીઓ માટે ફરજીયાત છે. વધારાની આંતરિક કસોટી લેવી કોલેજ માટે ફરજીયાત નથી પૂર્વ સંમતિ વિના મુતક્ત મળી શકશે નહી.

(૧૦) ફી નિયત સમય દરમિયાન જ પુરેપુરી ભરવાની રહેશે. પુરેપુરી ફી નહી ભરનાર વિદ્યાર્થીનો પ્રવેશ રદ થવાને પાત્ર ગણાશે પ્રત્યેક ચુકવણીની પહોંચ લેવાની અને સાચવી રાખવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

(૧૧) કોઈપણ બાકી લેણાં અંગે ફોર્મ રોકવા સુધીના પગલા લઇ શકાશે.

(૧૨) વર્ગ સંચાલન વ્યવસ્થિત અને અસરકારક થાય એ માટે સહકાર આપવાની બધા વિદ્યાર્થીઓની ફરજ રહેશે અને વર્ગ સંચાલન નિમિત્તે પ્રાધ્યાપક સાહેબ શિસ્ત જાળવવા ખાતર જે આદેશ આપે તેનું પાલન વિદ્યાર્થીઓએ તરત જ કરવાનું રહેશે. વર્ગમાં આ અંગે કોઇ વિવાદ થઇ શકશે નહી.

(૧૩) પ્રત્યેક વિષયના પાઠ્ય પુસ્તક કોલેજ શરૂ થાય તે પહેલા ખરીદવાના રહેશે. અને વર્ગખંડમાં પાઠ્ય પુસ્તક સાથે જ આવવાનું રહેશે.

(૧૪) ગ્રંથાલય અને વાંચનલયના સતત ઉપયોગની વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે પુસ્તક પ્રાપ્તિ માટે વિદ્યાર્થીઓને બે ટિકિટો ગ્રંથાલયમાં અપાતા પુસ્તકો માટે આપવામાં આવશે.

(૧૫) ગંથાલયના પુસ્તકો વાર્ષિક પરીક્ષા પત્યા પછી ત્રણ દિવસમાં પરચ કરવાના રહેશે.

(૧૬) કોલેજ ચાલુ હોય તો એ સમયના સરનામે અને બંધ હોય તો કાયમી સરનામે પત્ર લખાશે અને તે સંબધિત વિદ્યાર્થીને મળી ગયેલો જ ગણાશે. સરનામામાં ફેરફાર થાય તો વિદ્યાર્થીએ કાર્યાલયને લેખીત જાણ કરવી.

(૧૭) અન્ય યુનિવર્સિટીમાંથી આવનાર વિદ્યાર્થીએ દાખલ થતી વખતે જ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ આપવાનું રહેશે અને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ ન આપે ત્યાં સુધી પ્રવેશની જવાબદારી તેમની જ રહેશે.

(૧૮) ઇ.બી.સી./બી.સી. સ્કોલરશીપ ફોર્મ સમયસર નહી ભરનાર વિદ્યાર્થી જે તે સ્કોલરશીપ/ફ્રી શીપ માટે પાત્ર રહેશે નહી.

(૧૯) બહારગામથી આવતા વિદ્યાર્થીઓએ કન્સેશન પાસ મેળવવા અંગે પ્રવેશ બાદ એક સપ્તાહ દરમિયાન જ કાર્યવાહી કરવાની રહેશે.

(૨૦) કોલેજના નીતિનિયમો અનુસાર શિસ્તમય વર્તનની દરેક વિદ્યાર્થી પાસેથી અપેક્ષા રખાય છે એ પ્રમાણે નહી વર્તનાર શિક્ષાને પાત્ર બનશે ગુનાહીત પ્રવૃત્તિ, હિંસા કે ત્રાસ કોઇપણ પ્રકારની સંકુચિતતાનો ઉપયોગ કે પ્રચાર એ ગેરશિસ્ત ગણાશે. કોલેજની કોઇપણ પ્રવૃત્તિમાં બહારના તત્વોનો સાથ અશિસ્ત ગણાશે.

(૨૧) કોલેજ નિયમોમાં સુધારા વધારા કરી શકશે અને વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

(૨૨) વિદ્યાર્થી મંડળની રચના ગુણવત્તાના ધોરણે વરણી પદ્ધતિથી જ થવાની છે. અને તે પદ્ધતિ વિદ્યાર્થીને બંધનકર્તા રહેશે.

(૨૩) ગુટકા, બીડી, સીગારેટ પાન મસાલા કે અને નશીલા માદક દ્રવ્યોનું સેવન કરીને આવનાર કે સાથે રાખનાર વિદ્યાર્થીનો પ્રવેશ તાત્કાલિક ધોરણે રદ થવાને પાત્ર રહેશે.

(૨૪) **કોલેજમાં મોબાઇલ લઇને આવવા ઉપર સખત પ્રતિબંધ છે.** આ નિયમનું ઉલ્લંઘન કરનાર વિદ્યાર્થીનો પ્રવેશ તાત્કાલિક અસરથી રદ થશે.

(૨૫) ઉપરોક્ત તમામ શરતો/નિયમો અમો (વિદ્યાર્થી અને વાલી)એ વાંચ્યા છે. તેમાંથી કોઈપણ શરત/નિયમનું ઉલ્લંઘન થશે તો કોલેજના આચાર્ય સાહેબ દ્વારા જે કંઇ પગલા ભરવામાં આવશે તે મને કબુલ મંજુર રહેશે.

(૨૬) શિષ્યવૃત્તિ બાબતે ઓનલાઇન અરજી કર્યા પછી જે તે વિદ્યાર્થીની જવાબદારી રહેશે.

**ઉપરના બધા જ નિયમો મેં વાંચ્યા છે હું બરાબર સમજ્યો છું અને મને કબુલ મંજુર છે અને તે મુજબ વર્તવાની બાંહેધરી આપું છું.**

**વાલીની સહી.**________________ **વિદ્યાર્થીની સહી.**________________